

# બાયોસ્કોપ

ઓગષ્ટ -૨૦૧૨

નવાનદીસર પ્રાથમિક શાળા

..અંક-૨૮...

તા-:ગોધરા, જિલ્લો-: પંચમહાલ [ગુજરાત] 388710

www.nvndsr.blogspot.com

nvndsr1975@gmail.com


અમારા ધ્વારેથી............

## > બાળક...અને...સમાજ....વચ્ચે પહેલીવાર સંવાદ થાય છે ત્યારે...!!!



બાળક...અને ....સમાજ....વચ્ચે સેતુરૂપ વિષય એટલે જ સામાજિક વિજ્ઞાન

જે વિષયના એકમોની પ્રવૃત્તિઓ વડે બાળકને સમાજને ઓળખવાની, સમજવાની તક મળે તે વિષય એટલે જ 'સામાજિક વિજ્ઞાન'. સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત આવતાં એકમો/એકમોની પ્રવૃત્તિઓની સમજ/માર્ગદર્શનને આધારે બાળક સમાજ સાથે લયબધ્ધતા સ્થાપવાનો પ્રયત્ન કરે છે અને વિષય શિક્ષક તરીકે આપણો પણ પ્રયત્નનો હેતુ તે તરફનો જ હોવો જોઈએ.આ વિષય અંતર્ગતની પ્રક્રિયા/પ્રવૃત્તિઓ દરમ્યાન બાળક સમાજના ભૂતકાળથી માહિતગાર બની સામાજિક ઈતિહાસને જાણે છે,બાળક સમાજની આર્થિક વ્યવસ્થા/શાસન વ્યવસ્થા/પર્યાવરણીય ભૌગોલિક વ્યવસ્થા વગેરેની સમજ મેળવી હક અને ફરજ માટે પોતાની હિસ્સેદારી પ્રત્યે સભાન બને છે.ધોરણ-૫ થી જેમ-જેમ બાળક સામાજિક વિષયનું માર્ગદર્શન મેળવતો જાય છે તેમ તેમ તેની પોતાની દુનિયામાં કે જે ફક્ત દાદા-દાદી-માતા-પિતા-ભાઈ-બહેન-કાકા-કાકી વગેરે પૂરતી સિમિતિ હતી તે વિસ્તરવા લાગે છે....એટલે કે તેનું કૌટુંબિક માનસ સામાજીકતા તરફ આગળ વધે છે. ત્યારે ધોરણ-૫માં સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષક તરીકે આપણા

પ્રયત્નોનું મહત્વ ખૂબ જ વધી જાય છે, આવા સમયે આપણે પ્રવૃત્તિ/પ્રોજક્ટ વડે એવી પરિસ્થિતિ પેદા કરવી પડશે કે બાળકે પોતાની ઓળખ સાથે સમાજ વચ્ચે જવાની જરૂર પડે...એવી કોઈ પ્રક્રિયા કાર્યવન્તિત કરવી પડશે કે બાળકે સમાજ સાથે સંવાદ કરવાની ફરજ પડે અને જેના આધારે બાળક અને સમાજ એકરસ થવાની ક્રિયા ઝડપી બને...અને જેના પરિણામ રૂપે સામાજીક વિજ્ઞાન વિષયના વિવિધ ધ્યેયોમાંનો એક ધ્યેય "બાળકમાં સામાજિકતા કેળવાય"ની સાર્થકતામાં વધારો થશે... .

આવા જ એક પ્રયત્ન રૂપે નવાનદીસર શાળાએ ધોરણ-૫માં સામાજિક વિજ્ઞાન વિષયમાં "ગામનો ઇતિહાસ" પ્રોજેક્ટ અંતર્ગત આવો જ એક પ્રયત્ન કર્યો કે જેમાં ગામના ઇતિહાસથી વાકેફ થવા માટે બાળકોને સમાજ વચ્ચે જવાની અને ફક્ત સમાજ વચ્ચે જવાની જ નહી સમાજ વચ્ચે જઈને સમાજ સાથે સંવાદ કરવાની પણ ફરજ પડે.એક વાત ચોક્કસ કહું કે તમે જેમ જેમ આ પ્રોજેક્ટ માટે શાળાએ કરેલ પ્રયત્નોના ફોટોગ્રાફ્સ જોતાં જશો તેમ-તેમ તમે પણ કાંતો સમાજ અથવા કાંતો બાળક બની પ્રોજેક્ટને અનુભવતાં જશો. પ્રોજેક્ટને જોવા તથા અનુભવવા માટે ફોટા પર ક્લિક કરો.




## ઐતિહાસિક સ્મારકો અને આપણા બાળકો......



બાળકો ઐતિહાસિક સ્થાપત્યોને જોવે, જાણે અને તેનું મહત્વ સમજે તે માટે બાળકોને આપણે ઐતિહાસિક સ્થાપત્યોની મુલાકાતે લઇ જઈએ છીએ. પરંતુ આમાં હવે વધારે એક કડી ઉમેરવી જોઈએ કે....બાળક જોવે-જાણે અને તેની સાથે સાથે તે ઐતિહાસિક સ્થાપત્યને અનુભવે અને પછી આપણે નહિ કહેવું પડે કે બાળક તેનું મહત્વ સમજે. જ્યાં સુધી તમે મુલાકાત લેવડાવેલ સ્થાપત્યને બાળક અનુભવી નહિ શકે ત્યાં સુધી

તે બાળકમાં તે સ્થાપત્ય સાથે સંકળાયેલ ઈતિહાસને જાણવા માટેની ભૂખ નહિ જાગે. હવે તમને થશે કે સ્થાપત્યને અનુભવવાની વાત..... કેવી રીતે???

વિચારો, બાળપણનો ફોટોગ્રાફ્સ જોતાં તમારાં રીફ્લેક્શન્સ કેવાં હોય છે? શું તે ફોટોગ્રાફ્સ જોઈ-જાણી અને પછી તેનું મહત્વ સમજો છો? ના તમારા માટે તે ફોટોગ્રાફ્સ એટલાં માટે મહત્વનો બની જાય છે કે તે તમારા ઇતિહાસ સાથે સીધો જોડાયેલો છે, અને તેને કારણે તમારી લાગણીઓ તેની સાથે જોડાયેલી છે અને પરિણામે તમે ફક્ત તેને જોતાં નથી ....તે ફોટોગ્રાફને અનુભવો પણ છો.હવે વિચારો કે તમારા દાદાના દાદાના દાદાના દાદાની લાકડી તમને જોવા મળે તો...???



મિત્રો સ્થાપત્યોને જોવાથી કે જાણવાથી બાળકો થોડો સમય તેનાથી વાકેફ થઇ શકશે, પરંતુ બાળકોને તે અનુભવાવવા માટે તો તે સ્થાપત્યનો ઇતિહાસમાં આપણા સાથે કેવી રીતે જોડાયેલાં હતાં તેની સમજ આપવી પડશે...એટલે કે તે સ્થાપત્યના ઇતિહાસનો એક છેડો જેટલો બને તેટલો બાળકના ગામના/જીલ્લાના/રાજ્યના કે દેશના ઈતિહાસની નજીક લાવવો પડશે. એટલે કે તે સ્થાપત્યનો ઇતિહાસ તે બાળકના ગામના/ જીલ્લાના /રાજ્યના કે દેશના ઈતિહાસ સાથે કેવી રીતે જોડાયેલો છે તેની સમજ આપવી પડશે. પછી આપણે સ્થાપત્ય વિષે બાળકને મહત્વ સમજાવવું નહિ પડે,બાળક માટે તે સ્થાપત્ય જ મહત્વનું બની જશે...અને તેની જાળવણી પણ કરતાં થશે...તે માટે બાળકોને ફક્ત એક જ પ્રશ્ન કરવો પડશે કે "બાળકો, વિચારો કે તમારા પહેલાં જે લોકો આ સ્થાપત્ય જોવા આવ્યા તેઓએ મહત્વનું સમજી જાળવણી ન કરી હોત તો શું આ સ્થાપત્ય આપણને અનુભવવા મળત???" મિત્રો, ૬૦ વર્ષની આઝાદી પછી પણ "આપણા સ્થાપત્યોને નુકશાન ન પહોંચાડીએ" તેવી જાહેરાતો આપવી પડે છે તેનું કારણ આ જ છે કે મોટાભાગના લોકો પોતાના સ્થાનિક ઇતિહાસ અને સ્થાપત્યોના ઇતિહાસથી અજાણ છે,અને પરિણામે તેમને ખબર નથી કે સ્થાપત્યો તેમની સાથે કેવી રીતે જોડાયેલાં.....માટે જ બાળકો સ્થાપત્યોની મુલાકાત લઇ આનંદ માણે પણ સાથે-સાથે તેનું મહત્વ સમજાવવા એક આવો પ્રયત્ન કરવો જ રહ્યો .....અમારી શાળાએ કરેલ નજીકના ઐતિહાસિક સ્થાપત્યોની મુલાકાતને અમે અહિં બે ભાગમાં રજૂ કરી રહ્યા છીએ. નીચેના ફોટોગ્રાફ્સ પર ક્લિક તેને તમે જોઈ/જાણી અને અમારી જેમ અનુભવી પણ શકશો...તેવી આશા સહ........



ઐતિહાસિક સ્મારકો અને આપણા બાળકો-૧

ઐતિહાસિક સ્મારકો અને આપણા બાળકો-૨



# લોકબોલી – આપણી ભાષા....



ધોરણ સાતમાં ગુજરાતીના એક સ્વાધ્યાયમાં લોકબોલીના શબ્દોની યાદી બનાવવાની પ્રવૃત્તિ છે. યાદી બનાવવાની પ્રવૃત્તિ-મોટાભાગના વિદ્યાર્થીઓ માટે મજેદાર રહી પણ ગોપાલ ભરવાડ કે જે ડેરેથી સીધો શાળાએ આવતો હોય...તેને આ ગૃહકાર્ય પસંદ જ ના પડે તે સ્વાભાવિક હતું. દફતર તો શાળામાં જ હોય, વાંચવા રોજ એક ચોપડી લઇ જવાય..એટલે બીજા બધાએ જયારે પોતાના શબ્દો રજુ કર્યા ત્યારે તેના ચહેરા પર નિરાશા દેખાઈ પણ ખરી !

એક નવું કામ તે જ પ્રવૃતિમાં જોડવામાં આવ્યું, તે શબ્દોનો ઉપયોગ કરીને આપણે બોલીએ એવા વાક્યો બનાવો જેમ કે....... –મલાડું – અલી, જો ઘરમાં મલાડું ભરાયું, દુદ પી જહે...

હવે, બધા જયારે વાક્યો બનાવતા હતાં ત્યારે ગોપાલે તેની બોલીના શબ્દોની યાદી બનાવવાની શરૂઆત કરી...

તેના શબ્દોએ મજા બમણી કરી-કારણ કે તેમના રબારી સમાજમાં બોલતા ઘણા શબ્દો બીજા વિદ્યાર્થીઓથી તદ્દન અજાણ્યા હતાં અને ગોપાલ હીરો બની ગયો !

કેટલાક શબ્દો તો મનેય રોમાંચિત કરી ગયા.

જેમ કે – વાઘ – ઘેટું , ટેટા- બકરીઓ , ગાડ-ઘેટાં, આ સિવાય ડાડા, હાડો,બાડલો, બુગો, બોગયનું...
કેવા નવા શબ્દો છે !

આ શબ્દો જીવે તે જરૂરી છે....એ આપણા લોકજીવનનો પ્રાણ છે ! અને આ પ્રકારની પ્રવૃતિઓ તે શબ્દોની સંજીવની !

# ☹☹ શાળા પરિવારની વેદના ☹☹







બાળકોના આનંદ અને માર્ગદર્શન મળી રહે તેવી પ્રવૃત્તિમાં સદાય મશગુલ રહેતાં [અને એવી રીતે કે જેમાં શાળાકીય કલાકોની કોઈ મર્યાદા નહી] અમારા શાળા પરિવારના સભ્યશ્રી વાળંદ ગીરીશભાઈ પી.ની અત્રેની શાળામાંથી મહેકમ સેટઅપને કારણે અન્ય શાળામાં બદલી થતાં શાળા પરિવાર દુ:ખની લાગણી અનુભવે છે, ગિરીશભાઈ અમારી શાળાથી દૂર જઈ રહ્યા છે ત્યારે શાળા વિકાસ માટે તેમજ બાળકોના આનંદમય શિક્ષણ માટે તેમણે કરેલ પ્રવૃત્તિઓ દ્વારા સદાય અમને માર્ગદર્શન મળતું રહેશે...અને તેઓશ્રી પણ અમને જરૂર પડ્યે દિશા ચિંધતા રહેશે તેવી શાળા પરિવારની અપેક્ષા....સાથે-સાથે શાળા પરિવાર ગિરીશભાઈને નવીન કાર્યક્ષેત્રમાં સફળતા માટેની શુભેચ્છાઓ પાઠવે છે.







## MOMENT OF THE MONTH........



બાયસેગ ધ્વારા રાજ્યના શિક્ષકશ્રીઓની અંગ્રેજી ભાષાની મુંજવણો દૂર કરતાં માર્ગદર્શકો સાથે શાળા શિક્ષકશ્રી પણ !



"હવાનું દબાણ" –પ્રયોગ વડે અનુભવતાં બાળકો



પ્રજ્ઞા



દેડકા દોડ...

આપની શુભેચ્છાઓ અથવા તો બાયોસ્કોપમાંના કોઈ વિષય પરની કે પછી અમારા બ્લોગ વિશે આપની ચર્ચા/કોમેન્ટ/ગમો-અણગમો વગેરેના ઈ-મેલ અમારા ઉત્સાહમાં વધારો કરે છે.

Dear Rakeshbhai,

a jej apani web. nu addresh mallu.bioscope na tamam ank vanchyakhub maja avi.hu engineer 6u. pan mara g.f. ane father teacher hata. ane mari wife teacher 6e. atele teacher no jiv 6u. tamara BIOSCOPE dwara khub sari mahiti mali. BIOSCOPE ni safalata ichhuchhu

Thanks & Regards
R.G.Patel
M.099795*****

Dear Sir,

I read Your Blog & Magazine "Bioscope" . I Really Appreciate Work done By You. And thank 4 learn US how Technology Can be Used.
I see Your Magazine With High Quality PDF . I use Cute PDF Writer to convert My documents In PDF Format. I want to know which Converter Do U Use. I wish You'll help me .
Thanks, Regards,

Hiren M Patel
(PDPU,Gandhinagar)

તમારું મુખપત્ર વાંચી આનંદ થયો બાળકની શક્તિને ખીલવવા બદલ અભિનંદન .
તમારી શાળાની મુલાકાત જરૂરથી લેવી જોઈએ તેવું મને લાગી રહ્યું છે

-:Dr અમરીશ મકવાણા
oic tt વડોદરા

Very good, keep it up. Hope other schools also learn like this.

-: DoctorJyot Mohan

A visit to these sacred places fills you.... with devotion and love for the Almighty....superb....

– દિપક વાળંદ

શાળા બહારના જીવન સાથે શિક્ષણને જોડવાની વિભાવના સાર્થક કરવા બદલ અભિનંદન ઉદાહરણરૂપ બ્લોગ બનાવવા બદલ . અભિનંદન..

-શ્રી વડાલી પ્રાથમિક શાળા નં૨-.

મુખપત્રમાં જગ્યાના અભાવે તમામ મિત્રોની શુભેચ્છાઓ તથા સૂચનો અમે સમાવી શકતા નથી તે માટે દિલગીર છીએ.

....આચાર્ય તથા શાળા-પરિવાર
નવાનદીસર પ્રાથમિક શાળા
તા-:ગોધરા, જી-:પંચમહાલ
http://nvndsr.blogspot.com
https://www.facebook.com/navanadisar